દિવ્ય ભાસ્કર (અમદા.)
તા- ૮-૧૧-૧૩ પાના-૨

# સહકારી બેંકોના એટ પાર ચેક આપવા પર અંકુશ

## નિયંત્રણ મની લોન્ડરિંગ માટે સહકારી બેંકોના દુરુપયોગને ડામવા RBIનું મહત્ત્વનું પગલું

ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ

સહકારી બેંકોની ચેનલનો ઉપયોગ કરીને મની લોન્ડરિંગની પ્રવૃત્તિને ડામવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વધુ એક પગલું લીધું છે. આડેધડ એટ પાર ચેક ઈસ્યુ કરતી સહકારી બેંકો પર લગામ લગાવીને તેના માટેના નિયમો અત્યંત કડક કર્યાં છે. હવે સહકારી બેંકો પોતાના ગ્રાહક ના હોય તેવી વ્યક્તિને 50 હજારથી વધુની રકમનો એટ પાર ચેક કે ડિમાન્ડ ડ્રાફ્ટ આપી શકશે નહિ. તમામ સહકારી બેંકોએ ફરજિયાત પણે એટ પાર ચેકો એકાઉન્ટ પેઈ જ ઈસ્યુ કરવાના રહેશે, ગમે તેટલી નાની રકમ હોઈ તો બેરર એટ પાર ચેક ઈસ્યુ કરી શકાશે નહિ અને આ નિયમોનો તાત્કાલિક અસરથી અમલ કરી દેવાયો છે.

સહકારી બેંકો એટ પાર ચેકનો કેવી રીતે ઉપયોગ કરી શકશે તે અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એક નોટિફિકેશન જાહેર કર્યું છે. અત્યારે સહકારી બેંકો કોઈ વ્યક્તિ જે બેંકનો ગ્રાહક ના હોઈ જેમની ઓળખના અને રહેઠાણના પુરાવા બેંક પાસે ના હોઈ તેવી વ્યક્તિને પણ એટ પાર ચેક ઈસ્યુ કરી દેવામાં આવે છે. સામાન્ય રીતે સહકારી બેંકો શિડયુલ્ડ કોમર્શિયલ બેંકો સાથે જોડાણ કરીને પોતાના ગ્રાહકને એટ પાર ચેકની સુવિધા આપે છે. રિઝર્વ બેંકે સહકારી બેંકો માટે જાહેર કરેલા નિયમો મુજબ બેંકોએ 50 હજારથી ઉપરના એટ પાર ચેકની સુવિધા માત્ર પોતાના ગ્રાહકોને જ આપવાની રહેશે અને આ રકમ ગ્રાહકના ખાતામાંથી જ ઉધારવાની રહેશે. બેંકના ગ્રાહકના હોઈ તેઓને પણ જો એટ પાર ચેક કે ડ્રાફ્ટની સુવિધા આપવામાં આવે તો તેના માટે ઓળખના પુરાવા લેવાના રહેશે. રિઝર્વ બેંકે આ ઉપરાંત કેટલાક રેકોર્ડ્સ પણ મેઈન્ટેઈન કરવાની સૂચના આપી છે. બેંકે આવા એટ પાર ચેક ઈસ્યુ કરવા માટેના અરજદારનું નામ, ખાતા નંબર, કોના ખાતામાં જમા થવાનો છે તેનો રેકોર્ડ મેઈન્ટેઈન રાખવો પડશે.

### સહકારી બેંકો AEFT-RTGSને પ્રોત્સાહિત કરે




### બેંકો નિયમોના પાલન માટે બંધાયેલી છે

અજાણ્યા વ્યક્તિને ચેક કે ડ્રાફ્ટ ઈસ્યુ કરી આપતી વખતી બેંકોએ ઓળખના પુરાવા લેવા જોઈએ અને બેંકનો ગ્રાહક ના હોઈ તેવી વ્યક્તિને 50 હજારથી વધુની રકમનો ચેક ઈસ્યુ કરવો જોઈએ નહિ. સહાકારી બેંકો રિઝર્વ બેંકના નિયમોનું પાલન કરવા બંધાયેલી છે.

**નટુભાઈ પટેલ,** સહકારી અગ્રણી

**રિઝર્વ** બેંક અન્ય શહેરોમાં તાત્કાલિક ચુકવણી માટે સહકારી બેંકો પોતાના ગ્રાહકોને રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ અને નેશનલ ઈલેક્ટ્રોનિકલ ફંડ ટ્રાન્સફરનો ઉપયોગ કરવા ઉત્તેજન આપે તેવું ઈચ્છી રહી છે. રિઝર્વ બેંકે સહકારી બેંકોને જણાવ્યા મુજબ સહકારી બેંકો આ સેવા આપે અથવા તો કોઈ બેંકના સબ મેમ્બર બનીને પોતાના ગ્રાહકોને આ સેવા આપે જેથી સહકારી બેંકના ગ્રાહકો ચુકવણી માટે ચેક પર ઓછા આધારિત રહે.